# ડીસાના વડલી ફાર્મ અને નવલપુરામાં પાણીનો જાહેરમાં વેડફાટ

## સરકારી બોરમાંથી લાખો લીટર પાણી વહી જતા ચિંતા : અનેકવાર રજુઆતો છતાં સરકારી બાબુઓ લાપરવાહ

ડીસા, તા. ૨૩

ડીસાના વડલી ફાર્મ તેમજ નવલપુરા ખાતે સરકારી બોર માંથી ઘણા સમયથી દરરોજ હજારો લિટર પાણીનો વેડફાટ જાહેર રોડ પર થઈ રહ્યો છે.આ બાબતે અનેક વાર રજુઆત કરવા છતાં કોઈ જ નિરાકરણ ન આવતા સ્થાનિક લોકો પરેશાન થઈ ઉઠ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ચોમાસામાં જોઈએ તેવો વરસાદ થયો નથી. જેના કારણે ત્રણે જળાશયો ખાલીખમ જોવા મળી રહ્યા છે. તો બીજી તરફ આ જળાશયોમાં પાણી ન હોવાના કારણે જિલ્લામાં પાણીની સમસ્યા ઊભી થઈ છે.તેમજ દિવસે ને દિવસે જમીનના તળ પણ ઊંડા જઈ રહ્યા છે. બીજી તરફ ડીસાના વડલી ફાર્મ તેમજ નવલપુરા ખાતે ઘણા સમયથી સરકારી બોરમાંથી દરરોજનું હજારો લિટર પાણી જાહેર રોડ પર વેડફાઈ રહ્યું છે. આજુબાજુના સ્થાનિક લોકોએ અનેક વાર બોર ઓપરેટરો તેમજ દાંતીવાડા પાણી પુરવઠામાં રજુઆત કરી તેમજ ઉચ્ચ અધિકારીઓને પણ આ બાબતે રજૂઆત કરવામાં આવી છે. પરંતુ આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી તેથી દરરોજનું હજારો લિટર પાણી જાહેર માર્ગ પર વેડફાઈ રહ્યું છે. જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. તો ક્યાંક ને ક્યાંક ટુ વ્હીલર ચાલકો પણ સ્લીપ ખાતા અનેકવાર ટુ વ્હીલર ચાલકો ઘાયલ પણ થયા છે. તેમજ બાજુમાં આવેલી શાળામાં આ બોરનો વાલ બગડી જવાથી પાણી જતું નથી જેના કારણે બાળકો પણ હેરાન પરેશાન થઈ રહ્યા છે.તેમજ જાહેર માર્ગો પર પાણીનો વેડફાટ થતા ગંદકી થઈ રહી છે.તેમજ રોગચાળો થવાની સંભાવના સેવાઈ રહી છે.જેથી સ્થાનિક લોકોએ ઉગ્ર માંગ કરી રહ્યા છે કે તાત્કાલિક ધોરણે પાણીનો વેડફાટ થતો અટકાવે જેથી આગામી સમયમાં પાણીની વિકટ સમસ્યાથી બચી શકીએ.





### જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે

# કોરોના ઓમિક્રોન વેરિયન્ટની સારવાર માટે ૪૨ બેડનો વોર્ડ તૈયાર કરાયો

પાલનપુર તા.૨૩

કોરોના અને ઓમિક્રોન ના વધતા જતા કેસો ને લઈને વહીવટી તંત્ર સજાક બન્યું છે દર્દી ઓ ને તાત્કાલિક સારવાર મળી રહે તેમાટે અગમ્યચેતી ના ભાગ રૂપે તમામ સવલતો મળી રહે તેમાટે સરકાર દ્વારા આરોગ્ય વિભાગને સૂચનાઓ આપી દેવામાં આવી છે જેમાં બનાસકાંઠામાં ગલબા ભાઈ નાનજી ભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ૪૨ બેડ નો વોડ શરૂ કરવામાં આવ્યો છે જેમાં ૩૦ ઓક્સિજન જોડાણ સાથે બેડ ઓમિક્રોન માટે ફાળવવા મા આવ્યા છે જેમાં દર્દીઓ ને તાત્કાલિક




દર્દીઓ ને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે તૈયારીઓ કરી દેવામાં આવી છે જેમાં બનાસકાંઠામાં જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ૪૨ બેડ નો વોડ તૈયાર કરવામાં આવ્યો છે જેમાં ૩૦ ઓક્સિજન જોડાણ સાથેના બેડ ઓમિક્રોન માટે ફાળવવામાં આવ્યો છે.

રાજ્યમાં કોરોના ની બીજી લહેર બાદ ફરી કોરોના ની સાથે સાથે ઓમિક્રોન ના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે સારવાર મળી રહે તેમાટે ૪૦ વેન્ટીલેટર ૧૨૦ મોનીટર ૪૦૦ હુમીડિ ફાયર ૫૦ ઓક્સિજન ભરેલ જમ્બો સિલેન્ડર ૬૫૭ ઓક્સિજન બેડસાથેનું કલેકશન ૧૫ ઈ સી જી મશીન ૬ એક્ષરે મશીન ઓક્સિજન ટેક્ર સહિત ની તમામ સુવિધાઓ ની તૈયારી કરી દેવા માં આવી છે. તેમ પાલનપુર ના સિવિલ હોસ્પિટલના ચીફ ડોક્ટર સુનિલભાઈ જોશીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું.

# ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે યોજાયેલ યુવા મહોત્સવમાં ડીસા કોલેજને પ્રથમ નમ્બર

## પાટણ ખાતે આવેલ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં યોજાયેલ યુવા મહોત્સવમાં ડીસા કોલજના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવતા કોલેજ દ્વારા સન્માન કરાયું હતું

ડીસા, તા. ૨૩

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા તાજેતરમાં ૩૨માં આંતર કોલેજ યુવા મહોત્સવનું આયોજન



કરવામાં આવ્યું હતું જેમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન ૮૦ કોલેજના અંદાજિત એક હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ડીસા કોલેજના સાંસ્કૃતિક વિભાગના કન્વીનર પ્રોફેસર કે. એમ.પટેલ તથા પ્રોફેસર તૃપ્તિબેન પટેલના સીધા માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ વિવિધ પ્રવૃતિઓ જેવી કે લોક નૃત્ય, માઈમ, સ્કીટ, વકતુત્વ, કવીઝ, ડિબેટ આદીમાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો જેમાં પરવેઝ મેમણ અને વિનીતા ઓઝાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ યંત્ર સંસ્કૃતિ અને ભૂખમરાને રજૂ કરતી માઈમે સ્પર્ધામાં ડીસા કોલેજના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવીને કોલેજને ગૌરવ અપાવ્યું હતું આ સ્પર્ધામાં નરેશ ગેલોત, વિનીત અગ્રવાલ, ધવલ સોલંકી, કરણ સોલંકી, અજીત રાજગોર, તથા રાહુલ પરમારે ભાગ લીધો હતો તે ઉપરાંત વિનીતા ઓઝાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ હુડો રાસમાં ઉર્વશી પુરોહિત, પ્રીતિ છટાની, નંદની ઠક્કર, પલક ઓઝા, ઈશા ઓઝા, આસ્થા સોની, ડિમ્પલ ખત્રી તથા મોક્ષા બોરડીયાએ ભાગ લઈને સુંદર પર્ફોમન્સ આપ્યું હતું. વકૃત્વ સ્પર્ધામાં કેલમ પ્રજાપતિ, પોસ્ટર મેકિંગમાં જૈનીશા ઠાકુર થતા ડિબેટ અને કવીઝમાં સુભમ અગ્રવાલ, હાર્દિક પ્રજાપતિ તથા પીના રબારીએ ભાગ લીધો હતો. જ્યારે ગેહલોત છગનના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ સક્રિટમાં સંદીપ પુરોહિત, નરેશ, ધવલ, કરણ, અજીત તથા રાહુલે ભાગ લેલા સુંદર અભિવ્યક્તિ કરી હતી. આ ત્રિદિવસીય કાર્યક્રમમાં સતત સાથે રહીને પ્રોફેસર ભાવનાબેન બોસમીયાએ સહયોગ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ નિયામક છગનભાઈ પટેલ તથા કાર્યકારી આચાર્ય રાજુભાઈ રબારીએ વિદ્યાર્થીઓ તથા ટીમ મેનેજરને શુભકામનાઓ પાઠવી હતી.

# ડીસામાં ઓવરબ્રિજ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા ઉપવાસ આંદોલન

## આગામી ત્રણ દિવસ ચાલશે આ ઉપવાસ આંદોલન

ડીસા, તા. ૨૩

ડીસા માં આમ આદમી પાર્ટી દ્વારા ડીસા ઓવરબ્રિજ માં અંધારપટ સહિત વિવિધ મુદા ને લઈ ત્રિદિવસીય ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે.

ડીસા માં કેન્દ્ર સરકાર દ્વારા ૨.૨૦ કરોડ ઉપરાંત ના ખર્ચે ચાર કિલોમીટર લાંબો એલિવેટેડ બ્રિજ બનાવી છ માસ પહેલા તેનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતુ જોકે આ બ્રિજ શરૂ થયા ના છ માસ જેટલો લાંબો સમય થવા છતાં પણ આ બ્રિજ ઉપર આજદિન સુધી સ્ટ્રીટ લાઈટો શરૂ ન થતા આ બ્રિજ



વિસે સોસીયલ મીડિયા માં અંધારીયો પુલ જેવી કોમેન્ટ પણ શરૂ થવા પામી છે એ સિવાય આ બ્રિજ ની નીચે અને ઉપર ઉબડખાબડ રોડ બનાવતા વાહનચાલકો માટે પણ મુશ્કેલી સર્જાઈ છે આ ઉપરાંત હાઈવે સ્થિત અનેક સોસાયટી આવેલી હોવા છતાં પણ લોકો ને જવા આવવા માટે એસેસ(રસ્તા) મુકવામાં ના આવતા લોકો રોગ સાઈડ તરફ થી શહેર માં પ્રવેશી રહ્યા છે આમ ઓવરબ્રિજ શરૂ થયા બાદ અનેક પ્રશ્નો ને લઈ ડીસા વાસીઓ ભારે હાલાકી વેઠી રહ્યાં છે તેમ છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ નિરાકરણ ના કરવામાં આવતા આમ આદમી પાર્ટી દ્વારા આ બાબતે ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે જેમાં ગુરુ,શુક્ર,અને સની,એમ ત્રણ દિવસ માટે આમ આદમી પાર્ટી ના કાર્યકરો દ્વારા ગાયત્રી મન્દિર નજીક ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે.

આ બાબતે આમ આદમી પાર્ટી ના જિલ્લા પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ઓવરબ્રિજ બન્યા ને છ માસ જેટલો લાંબો સમય થયો હોવા છતાં પણ હજુ સુધી આ ઓવરબ્રિજ ઉપર અને નીચેના રોડ ઉપર લાઈટો શરૂ કરવામાં આવી નથી જેના કારણે રાત્રી દરમિયાન અહીં અંધારપટ રહે છે જેથી વળી બ્રિજ નીચે બનવવામાં આવેલ રોડ ઉબડ ખાબડ અને થિંગડા મારેલા હોઈ વાહનચાલકો માટે મુશ્કેલી સર્જાઈ રહી છે વળી ચાર કિલોમીટર લાંબા આ ઓવરબ્રિજ બન્યા બાદ હાઈવે સ્થિત વિવિધ સોસાયટી આગળ સર્વિસ રોડ ઉપર એસસ (વળાંક) મુકવામાં ના આવતા હાઈવે સ્થિત અનેક સોસાયટી ના રહીશો ના છૂટકે રોંગ સાઈડ તરફ ચાલવા મજબૂર બન્યા છે અને સતત ભય અનુભવી રહ્યા છે આમ શહેરીજનો ની પીડા ને લઈ વિવિધ મુદા સાથે આમ આદમી પાર્ટી દ્વારા ત્રણ દિવસ માટે ઉપવાસ આંદોલન (અન્ન ત્યાગ) શરૂ કરવામાં આવ્યું છે અને તંત્ર ડીસા વાસીઓ ને પડતી આ મુશ્કેલી નું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવે તે માટે આ આંદોલન શરૂ કર્યું હોવાનું જણાવ્યું હતું

# ગુજરાત સરકારની નિરામય નગર અંતગર્ત ડીસાના વોર્ડ નંબર આઠમાં સફાઈ કરાઈ

ડીસા, તા. ૨૩

ગુજરાત સરકારની નિરામય નગર યોજના અંતર્ગત ડીસામાં ગુરુવારે વોર્ડ નંબર ૮ માં સફાઈના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રસ્તાની સફાઈ ભૂગર્ભ ગટર, પાણી, લાઈટની



કામગીરી કરીને લોકોને સુવિધા પુરી પાડી હતી. અને સમગ્ર વોર્ડમાં જાતે સાફ-સફાઈ કરીને સ્ટ્રીટ લાઈટ ભૂગર્ભ ગટર યોજનાને લગતી સમસ્યાનું સ્થળ ઉપર જ નિરાકરણ લાવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ ગુજરાત સરકારની નિરામય યોજના અંતર્ગત દરેક જનતાને સ્વચ્છ શહેર સુંદર શહેરના સપનાને સાકાર કરવાના હેતુથી કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ધારાસભ્ય શશીકાંત પંડ્યા,પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ઉપપ્રમુખ સવિતાબેન હરીયાણી બાંધકામ સમિતિના ચેરમેન રાજુભાઈ ઠાકોર સહિત પાલિકાના સદસ્યો તેમજ વિવિધ મોરચાના હોદેદારો હાજર રહ્યા હોવાનું મીડિયા સેલના કાંતિલાલ લોધાએ જણાવ્યુ હતુ.

### ઈનરવ્હીલ કલબ પાલનપુર દ્વારા

# પાલનપુરમાં ફ્રી કેન્સર નિદાન અને યુરોગાયનેક રસીકરણ કેમ્પ યોજાશે

પાલનપુર તા. ૨૩

પાલનપુરમાં જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓ થકી સમાજસેવાની સુવાસ પ્રસરાવનાર ઈનરવ્હીલ કલબ પાલનપુર દ્વારા પાલનપુર માં ફ્રી કેન્શર નિદાન અને યુરોગાયનેક રસીકરણ કેમ્પનું આયોજન શ્રીમતી રાજુલબેન સતીશભાઈ પરીખ,મુંબઈના સહયોગ દાતા થી કરવામાં આવ્યું છે.

પાલનપુર માં આગામી તા.૨૬-૧૨-૨૦૨૧ ને રવિવારના રોજ શહેરના કિર્તીસ્તંભ રોડ ઉપર આવેલ ખુશ્બુ હોસ્પીટલ ખાતે મોં માં કે શરીરના અન્ય ભાગમાં લાંબા સમયથી ન રૂઝાતાં ચાંદાં, લાંબા સમયથી બેસી ગયેલો અવાજ,ગળા તેમજ શરીરમાં ગાંઠ, ખોરાક કે પાણી ગળવામાં તકલીફ,મોં,જીભ, લાળગ્રંથી, સ્વરપેટી, કાન, નાક, ગળુ, થાઈરોઈડ, છાતી, સ્તન તથા પેટના કેન્સરના રોગોના તેમજ ગર્ભાશયના કેન્સરના દર્દીઓનું પણ નિદાન કરવામાં આવશે.આ કેમ્પમાં બાયોપ્સી, FNAC, પેપ્સ સ્મીયર, સોનોગ્રાફી, મેમોગ્રાફી દૂરબીન થી તપાસ તથા લેબોરેટરી તપાસ જરૂરીયાતવાળા દર્દીઓને તદ્દન ફ્રી કરી આપવામાં આવશે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે ઓપરેશન કરાવી આપવામાં આવશે.આ કેમ્પમાં જાણીતા તબીબ ડો.દર્શન દોશી - કેન્સર સર્જન અમદાવાદ, ડો. હસમુખ કે. શાહ - સ્ત્રી રોગ નિષ્ણાંત પાલનપુર,ડો. ભુપેન્દ્ર પંચાલ - એમ.એસ. જનરલ સર્જન પાલનપુર, ડો.રમેશ બી પટેલ - પેથોલોજીસ્ટ પાલનપુર,ડો.મુરલી દશોરે - સોનોલોજિસ્ટ પાલનપુર દવારા નિદાન કરવામાં આવશે. અને જરૂરિયાત વાળા દર્દીઓને આ નિદાન કેમ્પનો લાભ લેવા ઈનરવ્હીલ કલબ પાલનપુર ના પ્રમુખ મીનુબેન મહેશ્વરી,સેક્રેટરી અમીબેન શાહ અને પ્રોજેક્ટ ચેરમેન સુરેખાબેન શાહ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# પાલનપુર બારડપુરા વિસ્તારમાં ગટર ઉભરાતા સ્થાનિકોમાં આક્રોશ

### પાલિકાને અવારનવાર જાણ કરવા છતાં કોઈ ફરકતું નહીના આક્ષેપો



પાલનપુર તા.૨૩

પાલનપુર નગરપાલિકાના વોર્ડ ન.૩ માં છેલ્લા ઘણા સમયથી ગટર ઊભરાવવા ના લઈને અવાર નવાર સ્થાનિકોએ પાલિકાને રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાની રાવ ઉઠી છે. પાલનપુર નગરપાલિકા શહેરના લોકોના વેરો વસુલવામાં કોઈ કસર બાકી રાખતી નથી. જ્યાં શહેરની પ્રાથમિક જરૂરિયાત કેવી કે ગટર, સાફ સફાઈ, અને રોડ રસ્તાને લઈ સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. જ્યાં વોર્ડ નં. ૩ના બારડપુરા વિસ્તારમાં અવારનવાર જાહેર માર્ગોમાં ગટર ઊભરાવવાના લીધે ચાલવું મુશ્કેલ બન્યું છે. ત્યારે સ્થનિકોએ પાલિકાને જાણ કરવા છતાં કોઈ ફરક્યું ન હતું. જેને લઈ સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળ્યો હતો.

# આઝાદી કા અમૃત મહોત્સવ "વડનગરનો વારસો" ચિત્ર સ્પર્ધા તાના-રીરી ગાર્ડન ખાતે શુક્રવારે યોજાશે

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લાની ઐતિહાસિક નગરી વડનગરથી નાગરિકો પરિચીત થાય તે માટે "વડનગરનો વારસો" કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વડનગર ખાતે ૨૬ નવેમ્બરના રોજ મહેસાણા જિલ્લાની વિવિધ ૭૫ શાળાઓના ૧૫૦ વિદ્યાર્થીઓ વડનગરના વિવિધ પ્રાચીન અને અર્વાચીન સ્થળોની મુલાકાત કરી હતી. ત્યાર બાદ ૦૪ ડિસેમ્બરના રોજ ૧૫૦ થી વધુ સાયકલીસ્ટો મહેસાણાથી વડનગરની સાયકલ યાત્રા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છેકે જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલની પ્રેરણા અને માર્ગદર્શનથી વડનગર ખાતે વડનગરનો વારસો" અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આગામી ૨૪ ડિસેમ્બરને શુક્રવારના રોજ સવારે ૦૯-૦૦ કલાકે ૭૫ વિદ્યાર્થીઓ સાથે વડનગરનો વારસો" ચિત્ર સ્પર્ધા તાના-રીરી ગાર્ડન ખાતે યોજાનાર છે.આ ચિત્ર સ્પર્ધામાં વડનગરની સમૃધ્ધ સંસ્કૃતિ અને વારસાથી પરીચીત કરાવવાનો છે.માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતા અને ચિત્રકામમાં રસ ધરાવતા ૭૫ વિદ્યાર્થીઓ વડનગર ખાતે આવી તાના-રીરી ગાર્ડન ખાતે ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર છે.આ ચિત્ર સ્પર્ધાનું આયોજન ફાઈન આર્ટસ કોલેજ મહેસાણાના સહયોગથી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવ્યું છે.

# આજે સરકારી વિનયન કોલેજ બેચરાજી ખાતે કાવ્યોત્સવ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૨૩

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને સરકારી વિનયન કોલેજ બેચરાજીના સંયુક્ત ઉપક્રમે ૨૪ ડિસેમ્બરને શુક્રવારે સાંજે ૦૬-૩૦ કલાકે સરકારી વિનયન કોલેજ બેચરાજી ખાતે કાવ્યોત્સવ કાર્યક્રમ હિન્દ દેવભૂમિ તને હો વંદન અંતર્ગત યોજાનાર છે.

૭૫ મા આઝાદી નો અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય ચેતનાને પ્રજ્ઞ્વલિત કરતા કાવ્યોત્સવમાં ગુજરાતી ભાષાના જાણીતા કવિઓ કાવ્યપાઠ કરનાર છે.આ કાર્યક્રમમાં પુર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ,ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડો વિષ્ણું પંડ્યા,મહામાત્ર ડો જયેન્દ્રસિંહ જાદલ,ઉત્તર ગુજરાત યુનિવર્સટીના કુલસચિવ ડો ડી.એમ.પટેલ,બેચરાજીના સરપંચ દેવાંગ પંડ્યા,તાલુકા મહામંત્રી ભાવેશભાઈ ચૌહાણ,સામાજિક કાર્યકર રાકેશભાઈ જોષી ઉપસ્થિત રહેનાર છે. કાર્યક્રમ દરમિયાન ભક્તકવિ વલ્લભ ભટ્ટની છબીનું અનાવરણ થનાર છે. તેમજ ડો બીપીન ચૌધરી લિખિત પ્રીત્યર્થ પુસ્તકનું વિમોચન થનાર છે.કાર્યક્રમમાં કવિશ્રી વિષ્ણું પટેલ,મનીષ પરમાર,ચંદ્રેશ મકવાણા,પીયૂષ ચાવડા,મુસાફિર પાલનપુરી કાવ્યપાઠ કરનાર છે.

કાર્યક્રમના ઉદ્ઘોષક તરીકે માયાબેન ચૌધરી અને શૈલેષભાઈ રાઉલજી સેવા આપનાર છે.સમગ્ર કાર્યક્રમની સ્વાગત વિવિધ ડો અલ્પેશ જોષી દ્વારા કરાઈ તેની ભૂમિકા ડો બિપીન ચૌધરી આપનાર છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન